ફોજદારી કેસ નંબર:-૫૩૮/૨૦૨૪

GJKH070007562024

| | | | |
|---|---|---|---|
| કેસ રજુ તારીખ | ૨૭/૦૬/૨૦૨૪ | | |
| કેસ દાખલ તારીખ | ૨૭/૦૬/૨૦૨૪ | | |
| કેસ ફેંસલ તારીખ | ૩૦/૦૪/૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૧૦ | ૦૩ |

==========================================

# ઠાસરનાં મહેરબાન જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ, ફ.ક. (શ્રી વિપુલ અમૃતલાલ ઠક્કર) સાહેબની અદાલતમાં, મું:ઠાસરા.

==========================================

ક્રિમિનલ કેસ નંબર :-૫૩૮/૨૦૨૪
આંક:-૨૫

શ્રી સરકાર ............. ફરીયાદી.
(ઠાસરા પો.સ્ટે. ''બી'' પાર્ટ ગુ.રજી. નંબર-૧૧૨૦૪૦૬૦૨૪૦૧૧૦/૨૦૨૪)

// વિરુધ્ધ //

(૧). સેજલબેન વા/ઓ. વિક્રમભાઈ અર્જુનભાઈ પરમાર
ઉ.વ.-૨૮ ચાર્જશીટ મુજબ,ધંધો-ખેતી/ઘરકામ,

(૨). વિક્રમભાઈ અર્જુનભાઈ પરમાર
ઉ.વ.-૩૨ ચાર્જશીટ મુજબ,ધંધો-ખેતી/મજુરી,

તમામ રહે.ઉમાળીયા, તાબે-ગોળજ,તા.ઠાસરા,જી.ખેડા. ......... આરોપીઓ.

==========================================

ફરીયાદ પક્ષે વિદવાન એ.પી.પી.શ્રી એસ.વી.પટેલ.

આરોપી તરફે વિદવાન વકીલ શ્રી એન.કે.વાઘેલા.

==========================================

=================================================================

ગુન્હો :- ભારતીય દંડ સંહીતા-૧૮૬૦ ની કલમ-૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ...

=================================================================

=================================================================

સમક્ષ:- વિપુલ અમૃતલાલ ઠક્કર, જ્યુ.મેજી.ફ.ક.મું.,ઠાસરા.

=================================================================

## ::- ઠરાવ -::

(૧). આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ કલાક-૧૫/૦૦ વાગ્યાના સુમારે મોજે ગામ-ગોળજ તાબે ઉનાળીયા સીમ, બીલેશ્વર મહાદેવ વિસ્તારમાં, તા.ઠાસરા, જી. ખેડા મુકામે આ કામના ફરિયાદી-શાંતાબેન વા/ઓ. ગીરવતભાઈ પરમાર પોતાના ઘરે હાજર હતા, તે વખતે આરોપી-સેજલબેન વા/ઓ. વિક્રમભાઈ પરમારનાઓ ગમે તેમ ગાળો બોલતા બોલતા હાથમાં લોખંડની નરાશ લઈ આવી ફરિયાદીને જણાવેલ કે, **તું કેમ અમારા ઘરના ઝગડા જુવે છે.?** તેમ કહી પોતાના હાથમાંની નારાશની ઝાપોટ મારતાં ફરિયાદી-શાંતાબેન વા/ઓ. ગીરવતભાઈ પરમારને જમણા પગે ઢીચણ નીચે ઈજાઓ થતાં નીચે બેસી ગયેલ અને આરોપી-સેજલબેન વા/ઓ. વિક્રમભાઈનાઓનું ઉપરાણું લઈને આરોપી-વિક્રમભાઈ અર્જુન ભાઈ નાઓ આવી ફરિયાદી-શાંતાબેન વા/ઓ. ગીરવતભાઈ પરમારને ગડદા-પાટુનો માર મારેલ અને મહે. જીલ્લા મેજી.સાહેબ, ખેડાનાઓના જાહેરનામાંનો ભંગ કરેલ અને આરોપીઓએ ફરિયાદી-શાંતાબેન વા/ઓ. ગીરવતભાઈ પરમારને ગમે તેમ ગાળો બોલી ફરિયાદી-સેજલબેન સાથે  સાથે ઝપા-ઝપી કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ અને તપાસ દરમ્યાન તમો આરોપીઓ પકડાઈ ગયેલ અને તેમ કરીને તમો આરોપીઓએ **ભારતીય દંડ સંહીતા-૧૮૬૦ ની કલમ-૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫** મુજબનો ગુન્હો કરેલ છે.

(૨). આ કામના ફરીયાદી:-શાંતાબેન વા/ઓ. ગીરવતભાઈ પરમારનાઓએ તા. ૦૨/૦૪/૨૦૨૪ ના રોજ આ કામના આરોપીઓ વિરૂધ્ધ બનાવની ફરિયાદ ઠાસરા પોલીસ મથકે આપતાં, ઠાસરા પોલીસે **ઠાસરા પો.સ્ટે. ''બી'' પાર્ટ ગુ.રજી. નંબર-૧૧૨૦૪૦૬૦૨૪૦૧૧૦/૨૦૨૪ થી ભારતીય દંડ સંહીતા-૧૮૬૦ ની કલમ-૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫** મુજબની ફરિયાદ નોંધેલ. ત્યારબાદ તમો આરોપીઓને ઠાસરા પોલીસ સ્ટેશન ત.ક.અ. હે.કો.જીતેન્દ્રભાઈ ભીમસિંહનાઓએ તા.૦૭/૦૪/૨૦૨૪ ના રોજ ફોજદારી કાર્યરીતી સંહીતા-૧૯૭૩ ની કલમ-૪૧(એ) મુજબની નોટીશો આપેલ હતી અને આરોપીઓને તા.૦૮/૦૪/૨૦૨૪ ના રોજ કલાક-૧૧/૦૦ વાગે ઠાસરા પોલીસ સ્ટેશને હાજર રહેવા જણાવેલ હતું. ત્યારબાદ આરોપીઓ તા.૦૮/૦૪/૨૦૨૪ ના રોજ કલાક-૧૬/૦૦ વાગે ઠાસરા પોલીસ સ્ટેશનમાં હાજર થતાં આરોપીઓને બનાવની સમજ કરેલ હતી અને તેમના નિવેદનો નોંધેલ હતા. ત્યારબાદ આરોપીઓએ યોગ્ય રકમના જામીન પોલીસ સ્ટેશનમાં રજુ કરતાં આરોપીઓને તા.૦૮/૦૪/૨૦૨૪ ના રોજ જામીન ઉપર મુકત કરવામાં આવેલ હતા.આમ, આ કામના આરોપીઓ જામીન ઉપર મુકત છે. ત્યારબાદ તમો આરોપીઓ વિરૂધ્ધ ઠાસરા સ્ટેશનનાં હે.કો.જીતેન્દ્રભાઈ ભીમસિંહ નાઓએ તપાસ કરેલ હતી અને તપાસના અંતે તમો આરોપીઓ વિરુધ્ધ તા.૨૭/ ૦૬/૨૦૨૪ ના રોજ **ભારતીય દંડ સંહીતા-૧૮૬૦ ની કલમ-૩૨૩,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫** મુજબના ગુન્હાનું ચાર્જશીટ ના.અદાલતમાં દાખલ કરેલ છે. જેને હાલનો **ફોજદારી કેસ નંબર :- ૫૩૮/૨૦૨૪ પડેલ છે.**

(૩). આ કામના તમો આરોપીઓ વિરૂધ્ધ તા.૨૭/૦૬/૨૦૨૪ ના રોજ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ હતું. આ કામના આરોપીઓ મુદત તા.૧૭/૦૮/૨૦૨૪ ના રોજ પોતાના વિ. વ.શ્રી સાથે ના.અદાલતમાં હાજર રહેલ હતા.આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહીતા -૧૯૭૩ ની કલમ-૨૦૭ ના પ્રબંધ મુજબ પોલીસ તપાસના કેસ કાગળો ની નકલો

આપવામાં આવેલ છે. આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુન્હો ફોજદારી કાર્યરીતી અધિનિયમ અન્વયે વોરંટ ટ્રાયલ કેસ ચલાવવાને પાત્ર હોય તે મુજબ ની કાર્યવાહી અનુસરવામાં આવેલ છે. જેથી આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હા બાબતે સામે આંક-૦૪ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ હતું અને જે આરોપીઓને વાંચી સંભળાવવામાં આવેલ અને આરોપીઓને આંક-૦૪ વાળું તહોમતનામું કબુલ મંજુર ન હોઈ આરોપી ઓની આંક-૦૫ તથા આંક-૦૬ થી પ્લી નોંધવામાં આવેલ હતી અને જેમાં આરોપીઓએ પોતાના સામેનો આક્ષેપ તેઓને કબુલ મંજુરના હોઈ આ કામે ફરીયાદ પક્ષ નો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૪). આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| આંક | સાહેદનું નામ | પુરાવો નોંધેલ તારીખ |
|---|---|---|
| ૦૭ | ફરિયાદપક્ષે સા.નં-૦૧,ફરિયાદી-શાંતાબેન ગીરવત ભાઈ પરમારની સોગંદ પરની જુબાની. | તા.૨૧/૧૧/૨૦૨૪ |
| ૦૯ | ફરિયાદપક્ષે સા.નં-૦૬,સાહેદ-બુધાભાઈ દાદુભાઈ પરમારની સોગંદ પરની જુબાની. | તા.૧૦/૦૧/૨૦૨૫ |
| ૧૦ | ફરિયાદપક્ષે સા.નં-૦૮,સાહેદ-ગીરવતભાઈ બુધા ભાઈ પરમારની સોગંદ પરની જુબાની. | તા.૨૭/૦૨/૨૦૨૫ |
| ૧૧ | ફરિયાદપક્ષે સા.નં-૦૨,પંચ સાહેદ-વિનોદભાઈ ચીમનભાઈ રાઠોડની સોગંદ પરની જુબાની. | તા.૧૧/૦૯/૨૦૨૫ |
| ૧૩ | ફરિયાદપક્ષે સા.નં-૦૩,પંચ સાહેદ-રમેશભાઈ કાંન્તીભાઈ રાઠોડની સોગંદ પરની જુબાની. | તા.૧૧/૦૯/૨૦૨૫ |
| ૧૪ | ફરિયાદપક્ષે સા.નં-૦૪,પંચ સાહેદ-ડાહ્યાભાઈ રૂમાલભાઈ રાઠોડની સોગંદ પરની જુબાની. | તા.૧૧/૦૯/૨૦૨૫ |
| ૧૬ | ફરિયાદપક્ષે સા.નં-૧૧,ત.ક.અ. હે.કો. જીતેન્દ્ર ભીમસિંહની સોગંદ પરની જુબાની. | તા.૧૧/૦૯/૨૦૨૫ |

| | | |
|---|---|---|
| ૨૧ | ફરિયાદપક્ષે સા.નં–૦૫,પંચ સાહેદ–પ્રવિણસિંહ ફતે સિંહની સોગંદ પરની જુબાની. | તા.૧૪/૧૦/૨૦૨૫ |
| ૨૩ | ફરિયાદપક્ષે સા.નં–૦૯,સાહેદ–ડૉ.યશ રાઠોડની સોગંદ પરની જુબાની. | તા.૧૧/૧૨/૨૦૨૫ |

<u>દસ્તાવેજી પુરાવો.</u>

| <u>આંક</u> | <u>દસ્તાવેજની વિગત</u> | <u>દસ્તાવેજ કોની જુબાનીમાં રજુ થયેલ અને તારીખ.</u> |
|---|---|---|
| ૦૮ | અસલ ફરિયાદ. | ફરિયાદપક્ષે સા.નં–૧, ફરિયાદીની જુબાનીમાં. તા.૨૧/૧૧/૨૦૨૪. |
| ૧૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ફરિયાદપક્ષે સા.નં–૦૨, પંચ સાહેદની જુબાનીમાં. તા.૧૧/૦૯/૨૦૨૫. |
| ૧૫ | આરોપી–સેજલબેન પાસેથી મુદ્દામાલ રીકવર કરેલ તેનું પંચનામું. | ફરિયાદપક્ષે સા.નં–૦૪, પંચ સાહેદની જુબાનીમાં. તા.૧૧/૦૯/૨૦૨૫. |
| ૧૭ | ઈજા પામનાર ફરિયાદી–શાંતાબેન પરમારનું સારવારનું પ્રમાણપત્ર. | ફરિયાદપક્ષે સા.નં–૧૧, ત.ક.અ.ની જુબાનીમાં. તા. ૧૧/૦૯/૨૦૨૫. |
| ૧૮ | ઠાસરા સી.એચ.સી.ના ડૉ. યશ રાઠોડ દ્વારા ઠાસરા પો.સ્ટે. લખાવવામાં આવેલ ટેલીફોનીક વર્ધી. | ફરિયાદપક્ષે સા.નં–૧૧, ત.ક.અ.ની જુબાનીમાં. તા. ૧૧/૦૯/૨૦૨૫. |
| ૧૯ | સુચિપત્ર. | ફરિયાદપક્ષે સા.નં–૧૧, ત.ક.અ.ની જુબાનીમાં. તા. ૧૧/૦૯/૨૦૨૫. |
| ૨૦ | હથિયાર બંધીનું જાહેરનામું. | ફરિયાદપક્ષે સા.નં–૧૧, ત.ક.અ.ની જુબાનીમાં. તા. ૧૧/૦૯/૨૦૨૫. |

| | | |
|---|---|---|
| ૨૪ | ફરિયાદપક્ષના સા.નં–૦૭,સાહેદ–શાંતાબેન વા/ઓ. બુધાભાઈ પરમારનો મરણનો દાખલો. | |

(૫). ફરીયાદપક્ષ તરફથી પુરાવો પુરો થયાનું જાહેર કર્યા બાદ આરોપીનું ફોજદારી કાર્યરીતિ સંહીતા–૧૯૭૩ ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું અને પોતે નિર્દોષ હોવાનું જણાવી છોડી મુકવા રજુઆત કરેલ છે. આરોપીએ બચાવના સાહેદો તપાસેલા નથી કે સોગંદ ઉપર જુબાની આપેલ નથી.

(૬). ત્યારબાદ છેલ્લે ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીની તેમજ આરોપીનાં વિદવાન વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવી. આ કામે વિ.એ.પી.પી. શ્રી પોતાની મૌખિક દલીલ કરતાં જણાવે છે કે, આ કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરેલ છે. આ કામે સાહેદોનો સોગંદ પરનો પુરાવો તેમજ રજુ થયેલ દસ્તાવેજી આધાર જોતાં આ કામે આરોપીઓએ એકબીજાની મદદગારી કરીને આ કામના ફરિયાદીને માર મારેલ છે અને ભુંડી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ છે અને ગંભીર ઈજા કરેલ છે. આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરેલ હોઈ આરોપીઓને તકસીરવાર ઠરાવી આરોપીઓને કાયદામાં જણાવેલ મહતમ સજા કરવા વિનંતી કરેલ છે.

આ કામે બચાવપક્ષે પોતાની મૌખિક દલીલમાં જણાવેલ છે કે, ફરિયાદીએ પોતાની ફરિયાદની હકીકતને કોઈ સમર્થનકારી પુરાવો આપેલ નથી. આ કામે ફરિયાદપક્ષે બનાવવાળી જગ્યાનું પંચનામું તથા મુદ્દામાલ રીકવરીનું પંચનામું પંચોની જુબાનીથી સાબિત કરેલ નથી. આ કામે ફરિયાદપક્ષે જે પણ સાહેદોને તપાસેલ છે તેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી.આ

કામે ફરિયાદીએ સારવાર કરનાર ડૉકટરને બનાવની કોઈ હકીકત જણાવેલ નથી. આ કામે ત.ક.અ.નાઓએ બનાવવાળી જગ્યાએથી કોઈ ચીજ વસ્તુ કબજે કરેલ નથી. આમ, ફરિયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ ન હોઈ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા નમ્ર વિનંતી કરેલ છે.

(૭). આ કેસનાં ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

:૧: શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૧ /૦૪/૨૦૨૪ ના રોજ કલાક-૧૫/૦૦ વાગ્યાના સુમારે મોજે ગામ-ગોળજ તાબે ઉનાળીયા સીમ, બીલેશ્વર મહાદેવ વિસ્તારમાં, તા.ઠાસરા, જી. ખેડા મુકામે આ કામના ફરિયાદી-શાંતાબેન વા/ઓ. ગીરવતભાઈ પરમાર પોતાના ઘરે હાજર હતા, તે વખતે આરોપી-સેજલબેન વા/ઓ. વિક્રમભાઈ પરમારનાઓ ગમે તેમ ગાળો બોલતાં બોલતાં હાથમાં લોખંડની નરાશ લઈ આવી ફરિયાદીને જણાવેલ કે, **તું કેમ અમારા ઘરના ઝગડા જુવે છે.?** તેમ કહી પોતાના હાથમાંની નારાશની ઝાપોટ મારતાં ફરિયાદી-શાંતાબેન વા/ઓ. ગીરવતભાઈ પરમારને જમણા પગે ઢીચણ નીચે ઈજાઓ થતાં નીચે બેસી ગયેલ અને આરોપી- સેજલબેન વા/ઓ. વિક્રમભાઈનાઓનું ઉપરાણું લઈને આરોપી-વિક્રમભાઈ અર્જુન ભાઈ નાઓ આવી ફરિયાદી-શાંતાબેન વા/ઓ. ગીરવતભાઈ પરમારને ગડદા-પાટુનો માર મારેલ અને મહે. જીલ્લા મેજી.સાહેબ, ખેડા નાઓના જાહેરનામાંનો ભંગ કરેલ અને આરોપીઓએ ફરિયાદી-શાંતાબેન વા/ઓ. ગીરવતભાઈ પરમારને ગમે તેમ ગાળો બોલી ફરિયાદી-સેજલબેન સાથે સાથે ઝપા-ઝપી કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ અને તપાસ દરમ્યાન તમો આરોપીઓ પકડાઈ ગયેલ અને તેમ કરીને તમો આરોપીઓએ **ભારતીય દંડ સંહીતા-૧૮૬૦ ની**

**કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫** મુજબનો ગુન્હો અત્રેની અદાલત ની હકુમતમાં કરેલ છે ?

:૨: શું હુકમ ?

(૮). ઉપરોકત મુદૃાઓનાં ન્યાયીક નિર્ણયનાં કારણો નીચે મુજબ છે.

**:૧: અશત:હકારમાં.**

**:૨: આખરી હુકમ મુજબ.**

**<u>// કારણો //</u>**

**(૯). <u>મુદા નં. (૧) તથા (૨) ની સંયુકત ચર્ચા.</u>**

આ કેસ માં મારી સમક્ષ ઉપસ્થિત થયેલ મુદા નં. ૧ અને ૨ બંને મુદા ઓ એક જ બનાવ ના ભાગરૂપ હોય અને એક જ બનાવ ના પરીણામ સ્વરૂપ હોય તેમજ એક–બીજા સાથે સંકળાયેલા હોય એક ની એક હકીકત નું પુનરાવર્તન ટાળવા સારૂં સંયુકત ચર્ચા કરેલ છે.

(૧૦). ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૭ થી ફરિયાદપક્ષે સા.નં–૦૧, ફરિયાદી– શાંતાબેન ગીરવતભાઈ પરમારને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, હું ધોરણ સાત સુધી ભણેલ છું. બનાવ વર્ષ–૨૦૨૪ ના એપ્રિલ માસમાં બનેલો. બનાવ બપોરના ત્રણ વાગ્યાના અરસામાં બનેલો. બનાવ વખતે હું મારા ઘરે બેઠેલ હતી અને તે વખતે મારા સાસુ શાંન્તા

બેન તેમજ મારો દિકરો રાજદીપ પણ ઘરે હતા. તે વખતે સેજલબેન અમારા ઘરે આવેલા અને તેમની પાસે નારાશ હતી. તેઓએ મને નારાશ જમણાં પગના ઢીચણ થી નીચેના ભાગે મારી દીધેલ. મે તેઓને કહેલ કે, તમોએ મને કેમ મારેલ.? તેઓએ કંઈ જવાબ આપેલ નહી. બુમા–બુમ થતાં નજીકમાંથી બધા માણસો આવી ગયેલા. મારા સાસુએ બુમો પાડતાં સેજલબેનના જેઠ–જેઠાણી છોડવવા માટે આવેલા. સેજલ બેન બનાવ વખતે ગાળો બોલેલા. ઈજા અંગેની મે ઠાસરા સરકારી દવાખાને સારવાર લીધેલી અને બીજા દિવસે ઉમરેઠ દિવાન હોસ્પીટલમાં સારવાર લીધેલી. જે સારવારની ફાઈલ મારી પાસે ઘરે પડેલ છે. આરોપી આજરોજ ના.કોર્ટમાં હાજર છે અને તેઓને નામ–જોગ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. મને નારાશ બતાવવામાં આવે તો હું જોએથી ઓળખી શકું. મને મુદ્દામાલ નારાશ બતાવવામાં આવે છે, જે જોઈને જણાવું છું કે, તે તેજ નારાશ છે કે જે મને સેજલબેને મારેલી. બનાવ અંગેની મે ઠાસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ હતી. મને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે. જે જોઈને જણાવું છું કે, તેમાં મારી સહી છે. જે હું ઓળખી બતાવું છું. જે ફરિયાદ રજુ દાખલ આંક–૦૮ આપવામાં આવે છે. પોલીસને મે બનાવવાળી જગ્યા બતાવેલી. સેજલબેન સિવાય કોઈ વ્યકિતએ મને કાંઈ કરેલ નથી. આ તબકકે આ ફરિયાદીએ ફરિયાદપક્ષને કેસને સમર્થન આપેલું ન હોય જેથી વિ.સરકારી વકીલ શ્રી એ આ ફરિયાદીને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ–તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા માટે ના.અદાલત પાસે પરવાનગી માંગતાં હોય ન્યાયના વિશાળ હીતમાં આ ફરિયાદીને ફરી ગયેલા જાહેર કરી પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ પ્રમાણે આ ફરિયાદીને ઉલટ–તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની આથી પરવાનગી આપવામાં આવે છે. ત્યારબાદ વિ.એ.પી.પી. શ્રી એ આ ફરિયાદીને ઉલટ–તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછેલ હતા અને જેમાં આ ફરિયાદીએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, મે મારી તા.૦૨/૦૪/૨૦૨૪ ની ફરિયાદમાં લખાવેલ છે કે, સેજલબેનનું ઉપરાણું લઈ તેમના પતિ વિક્રમભાઈ અર્જુનભાઈ પરમારનાઓ ગમે તેમ ગાળો બોલતાં આવેલા અને મને ગડદાપાટુનો માર મારવા ફરી વળેલા. એ વાત ખરી છે કે,બંને આરોપીઓ જતાં–જતાં મને કહેતા હતા કે, આજે તો તું બચી ગયી છે, પરંતુ ફરીથી લાગ

આવે થી તને જાનથી મારી નાંખીશું, તેવી ધમકીઓ આપતાં પોતાના ઘર તરફ જતાં રહેલા અને જે હકીકત મે મારી ફરિયાદમાં લખાવેલ છે. આ બનાવની મે સેજલબેન તથા તેમના પતિ વિક્રમભાઈ વિરૂધ્ધ ઠાસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી હતી.

બચાવપક્ષે આ ફરિયાદીની ઉલટ–તપાસ કરેલ છે અને જેમાં આ ફરિયાદીએ જણાવેલ છે કે, મને ગુજરાતી લખતાં અને વાચતાં આવડે છે. મારા સસરાનું નામ બુધાભાઈ દાદુભાઈ છે. દાદુભાઈના પિતાનું નામ કાનાભાઈ મથુરભાઈ છે. એ હકીકતની મને ખબર નથી કે, કાનાભાઈ મથુરભાઈના નામે ગોળજ ગામમાં જમીન આવેલી છે કે કેમ.? મારા લગ્નને આશરે ૧૨ વર્ષ થયેલા છે. એ હકીકતની મને ખબર નથી કે, ગોળજ ગામના સર્વે નંબર–૪૬૯,૪૮૧,૬૦૯,૫૬૮ વાળી જમીન કાનાભાઈ મથુરભાઈની આવેલી હતી અને તે જમીન વારસાઈમાં અમને પ્રાપ્ત થયેલ છે. કાનાભાઈ મથુરભાઈના બે દિકરાઓમાં એક શનાભાઈ અને બીજા દાદુભાઈ છે. આરોપી–વિક્રમ ભાઈએ ઠાસરા કોર્ટમાં જમીનની વહેંચણી બાબતે દાવો કરેલ છે તેની મને માહીતી છે અને મારા સસરા ઠાસરા કોર્ટમાં આવે છે, તેટલું મને ખબર છે. એ વાત ખરી નથી કે, ગણપતભાઈ અમારી સાથે આજે કોર્ટમાં આવેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, કોર્ટમાં આવેલા પરંતુ અમારી સાથે આવેલા નથી. એ વાત ખરી છે કે, ગણપતભાઈ રતનભાઈ તાલુકા પંચાયતના સભ્ય છે અને તેઓની જોડે અમારી જમીન આવેલી છે. આરોપી સેજલબેનનું ઘર મારા ઘરની નજીક જ છે. એ વાત ખરી નથી કે, મારા અને સેજલબેનને ઘરની આજુ–બાજુ બીજા ઘણા ઘર આવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સેજલબેનના ઘરની બાજુમાં સોમાભાઈ શબાભાઈનું જ ઘર આવેલું છે. જયારે મારૂ ઘર એકલું જ છે. ફરિયાદ આપવા ગઈ ત્યારે મારી સાથે મારા પતિ પોલીસ સ્ટેશનમાં આવેલા. એ વાત ખરી નથી કે,મે ફરિયાદ પહેલી તારીખે આપેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બીજી તારીખે ફરિયાદ આપેલી. ફરિયાદ આપી તે જ દિવસે દવાખાને ગયેલા. એ વાત ખરી છે કે, બનાવ ફરિયાદ આપી તેના આગલા દિવસે બનેલો. એ વાત ખરી છે કે, ગોળજ થી ઠાસરાનું અંતર ૩ કિ.મી. થાય છે. એ વાત ખરી

છે કે, સરકારે ઈમરજન્સી સેવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરેલ છે. બનાવ બન્યો તે જ દિવસે દવાખાને સારવાર માટે ગયેલી. અમે રીક્ષા કરીને દવાખાને ગયેલા. એ વાત ખરી નથી કે, હું દવાખાને ગઈ ત્યારે ગણપતભાઈ રતનભાઈ અમારી સાથે હતા. બનાવ કેવી રીતે બન્યો અને શું વાગ્યું તે હકીકત મે ઠાસરા ખાતે દવાખાનમાં ડૉકટરને જણાવેલી. એ વાત ખરી છે કે, આરોપી સેજલબેન અને અમે એકજ કુંટુંબના છીએ જેથી આરોપીઓને ઓળખું છું. એ વાત ખરી છે કે, મારા ઘર આગળ ભેસોં બાંધવાનું અડારૂ રાખું છું. એ વાત ખરી નથી કે, એ અડારામાં પડી જવાથી મને પગમાં ઈજા થયેલી. એ વાત ખરી નથી કે, ગોળજના સર્વે નંબર-૪૬૯ વાળી જમીન ગણપતભાઈને અમે ગીરો આપેલ હોય અને તેમાં આરોપીઓને ભાગ ન આપવો પડે જેથી આરોપીઓ વિરૂધ્ધ ખોટી ફરિયાદ કરેલી છે. ઉમરેઠ ચોકકસ કયા દવાખાનામાં દવા કરાવેલી તે મને યાદ નથી. પરંતુ દિવાન જેવું નામ છે. એ વાત ખરી નથી કે, ઉમરેઠ ખાનગી દવાખાનામાં દવા કરાવેલ હોવાની હકીકત મારી ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીઓને જમીનમાં ભાગ આપવો ન પડે જેથી ફરિયાદ કરાવવા ગણપતભાઈ અમારી સાથે આવેલા અને તેઓએ ખોટી ફરિયાદ કરાવેલી છે. એ વાત ખરી નથી કે, આરોપીઓએ મને કોઈ ધાક-ધમકી આપેલ નથી અને ખોટી ફરિયાદ કરેલી છે. મને મુદ્દામાલ તરીકે બતાવેલી નરાશ જ બનાવમાં વાપરેલી હતી. એ વાત ખરી છે કે, મુદ્દામાલ તરીકે બતાવેલ નરાશ ઉપર કોઈ લોહીના નિશાન નથી. એ વાત ખરી છે કે, મારા ઘર પછી અમારી પડતર જમીન આવેલી છે અને ત્યારબાદ આરોપીઓનું ઘર આવેલું છે અને ત્યારબાદ સોમાભાઈ શબાભાઈનું ઘર આવેલું છે. એ વાત ખરી નથી કે, મને સેજલબેને કોઈ નરાશ મારેલ નથી તેમ છતાં ખોટી હકીકત જણાવું છું. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપ્યા પછી બીજી વખત મારે પોલીસ સ્ટેશનમાં જવાનો પ્રંસગ બનેલ છે.

(૧૧). ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૦૯ થી ફરિયાદપક્ષે સા.નં-૦૬, સાહેદ- બુધાભાઈ દાદુભાઈ ખાચરને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ

પરની જુબાનીમાં જણાવેલ છે કે, ફરિયાદી–શાંતાબેન તે મારા દિકરા ગીરવતભાઈની વહું થાય છે. બનાવ ચોથા મહીનો અને ૨૦૨૪ ની સાલમાં બનેલો. કંઈ તારીખે બનેલો તે મને યાદ નથી. બનાવ સાંજના ત્રણ થી ચાર વાગ્યાના અરસામાં ઉનાળીયા ગામમાં મારા ખેતરમાં બનેલો. જે ખેતરના ઘરમાં હું રહું છું. જે ખેતરમાં હું મારી પત્નિ તેમજ મારા બે દિકરા અને ગીરવતભાઈની પત્નિ અને ત્રણ સંતાનો સાથે રહીએ છીએ. બનાવના દિવસે હું ખાતુભાઈ નાથુભાઈ રાઠોડના તેરમાના પ્રંસગમાં ગયો હતો. હું ઘરે સાડા ચારના અરસામાં આવેલો તે વખતે મારા દિકરા ગીરવતની પત્નિ શાંતાબેન રડવા લાગેલા. જેથી મે પુછેલ તો વિક્રમભાઈની પત્નિ આવીને નરાશ મારી ગયેલ હોવાનું મને જણાવેલ. અમારી વચ્ચે જમીન બાબતે તકરાર ચાલતી હોવાથી જે બાબતે નરાશ મારેલી. મારા દિકરાની પત્નિ શાંતાબેનને જમણાં પગે નરાશ મારેલી. જે મને શાંતાબેને જણાવેલું. શાંતાબેનને પગેથી લોહી નિકળતું હતું અને પગે ગઠઠો થઈ ગયેલો હતો અને ચલાતું ન હતું. જેથી હું રીક્ષામાં શાંતાબેનને ઠાસરા સરકારી દવાખાનમાં સારવાર માટે લાવેલો. આ બનાવની શાંતાબેને પોલીસમાં ફરિયાદ આપેલી. પોલીસે મારૂ નિવેદન લીધેલ. બનાવ વખતે વિક્રમ તેના ઘરે હતો અને તેણે તેની પત્નિને મારવા માટે મોકલેલી.

બચાવપક્ષે આ સાહેદની ઉલટ–તપાસ કરેલ છે અને જેમાં આ સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આરોપીઓ મારા કુંટુંબી થાય છે, જેથી તેઓને ઓળખું છું. એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોયેલ નથી, કારણ કે, બનાવ વખતે હું તેરમામાં ગયેલ હતો. એ વાત ખરી છે કે, મારા દિકરા ગીરવતની પત્નિએ બનાવની જાણ કરેલી.

(૧૨). ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૦ થી ફરિયાદપક્ષે સા.નં–૦૮, સાહેદ– ગીરવતભાઈ બુધાભાઈ પરમારને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, હું ધોરણ–૧૨ સુધી ભણેલું છું. હું અમદાવાદ મુકામે એમનીલ ફાર્માસ્યુટીકલ કંપનીમાં નોકરી કરૂ છું. મારી પત્નિનું નામ–શાંતાબેન છે અને મારી મમ્મીનું નામ પણ શાંતાબેન છે. બનાવ તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ

ઉનાળીયા ગામના ખેતરમાં બપોરના ત્રણ વાગે બનેલો. બનાવના દિવસે હું અમદાવાદા મુકામે કંપનીમાં હતો. તે દિવસે મારા પપ્પા બુધાભાઈનો ફોન આવેલો અને તેઓએ જણાવેલ કે, સેજલબેન અને વિક્રમભાઈનાઓએ તારી પત્નિ સાથે ઝગડો થયેલ છે અને તારી પત્નિને પગે ઈજા થયેલ છે. જેથી કેસ કરવા માટે મને ઠાસરા બોલાવેલ. જેથી હું બીજા દિવસે ઠાસરા પોલીસ સ્ટેશને ગયેલ અને ત્યાં મારી પત્નિ અને પપ્પા મળેલા. મારી પત્નિએ મને કહેલ કે, હું જમી પરવારી ઘરનું કામ-કાજ કરી ઘરના ઓટલા પાસે બેસેલ અને તે વખતે સેજલબેન અને વિક્રમભાઈ વચ્ચે ઝગડો ચાલતો હતો. જેથી સેજલબેને મારી પત્નિને કહેલ કે, ઝગડો કેમ જુએ છે.? તેમ કહીને આવીને મારી પત્નિ શાંતાબેનને જમણાં પગે નરાશ મારેલી. તેવું મને જણાવેલ. મારા મમ્મી અને મારા પત્નિ હાજર હતા તે વખતે જતા-જતાં આરોપીઓએ મારી પત્તિને ધમકી આપેલ કે, આજે તો તું બચી ગઈ છે, પછી તને જોઈ લઈશું. આ બનાવની જાણ મને મારા પિતાએ ફોન ઉપર કરતાં બીજા દિવસે હું ડાયરેકટ પોલીસ સ્ટેશને મારી પત્નિને લઈને ફરિયાદ કરવા ગયેલો. જે ફરિયાદ મારી પત્નિએ આપેલી. પોલીસે મારી પુછપરછ કરી જવાબ લીધેલો. મારી પત્નિએ પહેલા ઠાસરા સરકારી દવાખાનામાં સારવાર લીધેલી. ત્યારબાદ ઉમરેઠ નિવાન હોસ્પીટલમાં સારવાર માટે હું લઈ ગયેલો. સારવારમાં બંને હોસ્પીટલમાં મારા પિતા સાથે હતા.

બચાવપક્ષે આ સાહેદની ઉલટ-તપાસ કરેલ છે અને જેમાં આ સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ વખતે અમદાવાદ મુકામે મારી કંપનીમાં નોકરીએ હતો. એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, મારી પત્નિએ બનાવ અંગે જે જણાવ્યું તે મુજબ મે પોલીસને જવાબ લખાવેલો. એ વાત ખરી છે કે, બનાવની મને જાત માહીતી નથી.

(૧૩). ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૧૧ થી ફરિયાદપક્ષે સા.નં-૦૨, પંચ સાહેદ-વિનોદભાઈ ચીમનભાઈ રાઠોડને સોગંદ પર તપાસેલ છે અને તેઓ

પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૦૩/૦૪/૨૦૨૪ ના રોજ ઠાસરા પોલીસે સાંજના સમયે મને શાંતાબેન વિનોદભાઈ પરમારના ઘર આગળ પંચમાં બોલાવેલ. મારી સાથે બીજા પંચ–રમેશભાઈ કાંન્તીભાઈ રાઠોડનાઓ હતા. શાંતાબેનનું ઘર બીલેશ્વર મહાદેવ આગળ શાંન્તાબેનના ખેતરમાં આવેલ હતું. શાંન્તાબેનના ખેતરની બાજુમાં તેઓના ભાઈ સોમાભાઈનું ખેતર આવેલું છે તથા અરજનભાઈ શનાભાઈનું ખેતર આવેલું છે. ફરિયાદીના ઘર આગળ શાંતાબેનનો તબેલો આવેલો હતો. જે જગ્યાનું પોલીસે પંચનામું કરેલુ અને તેમાં મારી સહી લીધેલ. મને અસલ પંચનામું બતાવવામાં આવે છે. જેમાં અનુક્રમ નંબર–૧ પર મારી સહી છે. જે હું ઓળખું છું. જેને રજુ દાખલ આંક–૧૨ આપવામાં આવે છે.

બચાવપક્ષે આ પંચ સાહેદની ઉલટ–તપાસ કરેલ છે અને જેમાં આ પંચ સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે પંચનામું કરેલું અને તેમાં મારી સહી લીધેલી. એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોએલ નથી. જેથી બનાવની જાત માહીતી નથી.

(૧૪). ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૩ થી ફરિયાદપક્ષે સા.નં–૦૩, પંચ સાહેદ–રમેશભાઈ કાંન્તીભાઈ રાઠોડને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૦૩/૦૪/૨૦૨૪ ના રોજ ઠાસરા પોલીસે સાંજના સમયે મને શાંતાબેન વિનોદભાઈ પરમારના ઘર આગળ પંચમાં બોલાવેલ. મારી સાથે બીજા પંચ–વિનોદભાઈ ચીમનભાઈ રાઠોડનાઓ હતા. શાંતાબેનનું ઘર બીલેશ્વર મહાદેવ આગળ શાંન્તાબેનના ખેતરમાં આવેલ હતું. શાંન્તાબેનના ખેતરની બાજુમાં તેઓના ભાઈ સોમાભાઈનું ખેતર આવેલું છે તથા અરજનભાઈ શનાભાઈનું ખેતર આવેલું છે. ફરિયાદીના ઘર આગળ શાંતાબેનનો તબેલો આવેલો હતો. જે જગ્યાનું પોલીસે પંચનામું કરેલુ અને તેમાં મારી સહી લીધેલ. મને આંક–૧૨ વાળું અસલ પંચનામું બતાવવામાં આવે છે. જેમાં અનુક્રમ નંબર–૨ પર મારી સહી છે. જે હું ઓળખું છું.

બચાવપક્ષે આ પંચ સાહેદની ઉલટ-તપાસ કરેલ છે અને જેમાં આ પંચ સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે પંચનામું કરેલું અને તેમાં મારી સહી લીધેલી. એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોએલ નથી. જેથી બનાવની જાત માહીતી નથી.

(૧૫). ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૧૪ થી ફરિયાદપક્ષે સા.નં-૦૪, સાહેદ-ડાહ્યાભાઈ રૂમાલભાઈ રાઠોડને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે છ એક મહીના પહેલા ઠાસરા પોલીસે આશરે બાર થી બે વાગ્યાના અરસામાં ઠાસરા પોલીસ સ્ટેશનમાં પંચમાં બોલાવેલ. મારી સાથે બીજા પંચ હતા અને તેઓ ઠાસરાના હતા પરંતુ તેઓના નામ મને ખબર નથી. પોલીસે મારી તૈયાર પંચનામામાં સહી લીધેલ. પંચનામું મે વાંચેલ નહી. પોલીસે પણ મને પંચનામાની વિગત વાંચી સંભળાવેલી નહી. મારી હાજરીમાં પોલીસે કોઈ વ્યકિત પાસેથી ગુનામાં વાપરેલ હથિયાર કબજે કરેલ હોય તેવું બનેલ નથી. મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં અનુક્રમ નંબર-૧ પર મારી સહી છે. જે હું ઓળખું છું. જેને રજુ દાખલ આંક-૧૫ આપવામાં આવે છે. આ તબકકે આ પંચ સાહેદે ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલું ન હોય જેથી વિ.સરકારી વકીલ શ્રી એ આ પંચ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ-તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા માટે ના.અદાલત પાસે પરવાનગી માંગતાં હોય ન્યાયના વિશાળ હીતમાં આ પંચ સાહેદને ફરી ગયેલા જાહેર કરી પુરાવા અધિનિયમની કલમ-૧૫૪ પ્રમાણે આ પંચ સાહેદને ઉલટ-તપાસ માં પુછી શકાય તેવા સવાલો પુછવાની આથી પરવાનગી આપવામાં આવે છે. ત્યારબાદ વિ.એ.પી.પી. શ્રી એ આ પંચ સાહેદને ઉલટ-તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછેલ હતા અને જેમાં આ પંચ સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, તા.૦૮/૦૪/ ૨૦૨૪ ના સાંજના સવા ચાર વાગે ઠાસરા પોલીસે મને તથા બીજા પંચ પ્રવિણસિંહ રાઉલજીને પોલીસ સ્ટેશને બોલાવેલ. એ વાત ખરી છે કે, પોલીસ સ્ટેશનમાં એક બહેન નામે સેજલબેન હાજર હતા અને તેઓએ ગુનામાં વાપરેલ લોખંડની નરાશ સ્વખુશી થી રજુ કરેલ. જે નરાશ પોલીસે તપાસના કામે કબજે લીધેલ. આજરોજ સેજલબેન

ના.કોર્ટમાં હાજર છે. મને આર્ટીકલ નંબર-૧ વાળી નરાશ બતાવવામાં આવે છે. જે જોઈને કહું છું કે, આ નરાશ પોલીસ સ્ટેશનમાં બતાવવામાં આવેલી તે જ છે. આ નરાશ કોની પાસેથી કબજે લીધેલ તે મને ખબર નથી.

બચાવપક્ષે આ પંચ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટ-તપાસ કરેલ છે અને જેમાં આ પંચ સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે ટાઈપ કરેલા પંચનામામાં મારી સહી લીધેલી. એ વાત ખરી નથી કે, પોલીસે મને હથિયાર બતાવેલું નહી. એ વાત ખરી છે કે, બનાવ મે નજરે જોએલ નથી. જેથી બનાવની મને જાત માહીતી નથી. એ વાત ખરી છે કે, આવી નરાશ બજારમાં સહેલાઈથી મળી શકે છે.

(૧૫). ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૧૬ થી ફરિયાદપક્ષે સા.નં-૧૧, ત.ક.અ. એ.એસ.આઈ. જીતેન્દ્રભાઈ ભીમસિંહને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૨/૦૪/૨૦૨૪ ના રોજ હું ઠાસરા પોલીસ સ્ટેશનમાં અનાર્મ હે.કો. તરીકે ફરજ બજાવતો અને તે દિવસે ફરિયાદી-શાંન્તા બેન ગીરવતભાઈ પરમારનાઓએ આરોપી-સેજલબેન વિક્રમભાઈ પરમાર તેમજ વ્રિકમ ભાઈ અર્જુનભાઈ પરમાર વિરૂધ્ધ પી.એસ.ઓ. એ.એસ.આઈ. મનીતાબેન લક્ષ્મણ સિંહ રૂબરૂ ઈ.પી.કો. કલમ-૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબની ફરિયાદ આપતાં તેઓએ તેમની રૂબરૂની ફરિયાદ લઈ ગુનો દાખલ કરી આગળની તપાસ મારી તરફ મોકલી આપેલ. મે તપાસ સંભાળ્યા બાદ ફરિયાદી શાંન્તા બેન ગીરવતભાઈ નાઓએ પંચ-વિનોદભાઈ રાઠોડ તેમજ પંચ-રમેશભાઈ રાઠોડ રૂબરૂ ગુનાવાળી જગ્યા બતાવેલ. જે જગ્યાનું મે પંચોના લખાવ્યા પ્રમાણે પંચનામું લખેલ. મને આંક-૧૨ નું પંચનામું બતાવવામાં આવે છે. જેમાં બે પંચોની સહીઓ છે તેમજ રૂબરૂ અમલદાર તરીકે મારી સહી છે. જે હું ઓળખું છું. તેમજ મે ગુનાના કામે સાહેદ-બુધાભાઈ દાદુભાઈ પરમાર તેમજ શાંન્તાબેન બુધાભાઈ પરમાર, ગીરવતભાઈ બુધાભાઈ પરમાર નાઓના જવાબ લીધેલા. મે પંચ-ડાહયાભાઈ રૂમાલભાઈ રાઠોડ તેમજ પંચ-પ્રવિણ

સિંહ રાઉલજીની હાજરીમાં આરોપી–સેજલબેન વિક્રમભાઈ પરમારનાઓએ ગુનામાં વાપરેલ લોખંડની નરાશ પોલીસ સ્ટેશનમાં રજુ કરેલ. જે નરાશ મે પંચનામાની વિગતે કબજે લીધેલ અને જેનું વિગતવારનું પંચનામું કરી બંને પંચોની સહીઓ લીધેલ તેમજ રૂબરૂ અમલદાર તરીકે મે સહી કરેલ. મને આંક–૧૫ વાળું પંચનામું બતાવવામાં આવે છે. જેમાં બંને પંચોની સહીઓ છે તેમજ રૂબરૂ અમલદાર તરીકે મે સહી કરેલ હતી. તપાસના કામે મે ઈજા પામનાર સાહેદ–શાંન્તાબેન ગીરવતભાઈ પરમારનાઓનું સી.એચ.સી. ઠાસરામાંથી સારવાર અંગેનું સર્ટીફીકેટ મેળવેલ. મને સર્ટી બતવવામાં આવતા, જેમાં મેડીકલ ઓફીસરની સહી છે અને જે હું ઓળખું છું. જે આ કામે આંક–૧૬ અને આંક–૧૭ થી કામમાં સામેલ રાખેલ છે. સી.એચ.સી. ઠાસરામાંથી તા. ૦૧ /૦૪/૨૦૨૪ ના રોજ ડૉ.યશ રાઠોડનાઓએ પી.એસ.ઓ.ને વર્ધી લખાવેલ કે, શાંન્તા બેન ગીરવતભાઈ પરમાર, આજરોજ બપોરે ૩ વાગ્યાની આજુ–બાજુ ખેતરમાં તેમના ઘરે હતા ત્યારે સામાવાળા સેજલબેન વિક્રમભાઈ પરમારનાઓ દર્દીને જમણાં પગમાં ઘુંટણ ની નીચેના ભાગે લોખંડની નરાશ મારેલ છે તે યોગ્ય કરવા વિનંતી કરેલ છે. જે મતલબની ટેલીફોનીક વર્ધીની પી.એસ.ઓ. વિણાબેનનાઓએ ટેલીફોનીક વર્ધીબુક માં નોંધ કરી આગળની તપાસ મને સોંપેલ હતી. જે વર્ધી બુકનો ઉતારો મને બતાવવામાં આવે છે. જેમાં પી.એસ.ઓ.ની સહી છે. જેને રજુ દાખલ આંક–૧૮ આપવામાં આવે છે. મને સુચિપત્ર બતાવવામાં આવે છે. જેમાં પી.એસ.ઓની સહી છે. જેને રજુ દાખલ આંક –૧૯ આપવામાં આવે છે. મે તપાસના કામે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા–નડીયાદનાઓનું હથિયારબંધીના જાહેરનામાની ઝેરોક્ષ નકલ તપાસના કામે મેળવેલ હતી. જે રજુ કરૂ છું. જે આ કામે આંક–૨૦ થી કામમાં સામેલ રાખેલ છે. જે તા. ૦૧/૦૪/૨૦૨૪ થી તા.૦૭/૧૨/૨૦૨૪ સુધી અમલમાં હતું. જેમાં અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરીનું શાઉન્ડ શીલ તથા હોદ્દા જોગ સહી છે. આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ના.અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ હતું. આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. મુદ્દામાલ બતાવવામાં આવતાં ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે આ ત.ક.અ.ની ઉલટ–તપાસ કરેલ છે અને જેમાં આ ત.ક.અ.નાઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, કહેવાતો બનાવ ઉનાળીયા, બીલેશ્વર મહાદેવ આગળ બનેલો અને બનાવવાળી જગ્યા રહેણાંક વિસ્તાર છે. એ વાત ખરી છે કે, ફરિયાદીએ બનાવની ફરિયાદ બીજા દિવસે આપેલ. ઉનાળીયા થી ઠાસરા પોલીસ સ્ટેશન ૯–૧૦ કી.મી. દુર થાય છે. એ વાત ખરી છે કે, તપાસના કામે ફરિયાદીના સગા સંબધીના નિવેદન લીધેલા. એ વાત ખરી છે કે, તપાસના કામે બનાવવાળી જગ્યાની આજુ–બાજુના રહીશોના કોઈ નિવેદન લીધેલ નહી. એ વાત ખરી નથી કે, મારી તપાસમાં ફરિયાદી રોડ પર પડી જવાથી ઈજા થયેલ તેવી હકીકત ખુલવા પામેલ. એ વાત ખરી નથી કે, ફરિયાદીની ખોટી ફરિયાદની ખોટી તપાસ કરેલી છે અને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ ના.અદાલતમાં દાખલ કરેલ છે.

(૧૬). ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૧ થી ફરિયાદપક્ષે સા.નં–૫, પંચ સાહેદ–પ્રવિણસિંહ ફતેસિંહને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૮/૦૪/૨૦૨૪ ના રોજ હું ઠાસરા, આશાપુરા મંદીર આગળ થી જતો હતો, ત્યારે પોલીસે મારી તૈયાર પંચનામામાં સહી લીધેલી. પંચનામાની વિગત મે વાંચેલી નહી. પોલીસે પણ મને પંચનામાની વિગત વાંચી સંભળાવેલી નહી. મારી હાજરીમાં પોલીસે કોઈ બેન પાસેથી કોઈ હથિયાર કબજે કરેલ હોય તેવું બનેલ નથી. મને આંક–૧૫ નું પંચનામું બતાવવામાં આવે છે. જેમાં અનુક્રમ નંબર–૨ પર મારી સહી છે. જે હું ઓળખું છું. આ તબકકે આ પંચ સાહેદ ફરિયાદપક્ષને કેસને સમર્થન આપેલું ન હોય જેથી વિ.સરકારી વકીલ શ્રી એ આ પંચ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ–તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા માટે ના.અદાલત પાસે પરવાનગી માંગતાં હોય ન્યાયના વિશાળ હીતમાં આ પંચ સાહેદને ફરી ગયેલા જાહેર કરી પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ પ્રમાણે આ પંચ સાહેદને ઉલટ–તપાસમાં પુછી શકાય તેવા

સવાલો પુછવાની આથી પરવાનગી આપવામાં આવે છે. ત્યારબાદ વિ.એ.પી.પી. શ્રી એ આ પંચ સાહેદને ઉલટ-તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછેલ હતા તેમ છતાં આ પંચ સાહેદે ફરિયાદપક્ષના કેસની હકીકતને કોઈ સમર્થનકારી પુરાવો આપેલ ન હતો અને તમામ સવાલોનો ઈન્કાર કરતો જવાબ આપેલ હતો.

બચાવપક્ષે કરેલ ઉલટ-તપાસમાં પણ આ પંચ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે ટાઈપ કરેલા પંચનામામાં મારી સહી લીધેલી. એ વાત ખરી નથી કે, પોલીસે મને હથિયાર બતાવેલું નહી. એ વાત ખરી છે કે, બનાવ મે નજરો નજર જોએલ નથી, જેથી બનાવની જાત માહીતી નથી. એ વાત ખરી છે કે, આવી નારાશ બજારમાં સહેલાઈથી મળી શકે છે.

(૧૭). ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૨૩ થી ફરિયાદપક્ષે સા.નં -૦૯, સાહેદ-ડૉ.યશ રાઠોડને સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પોતાની સોગંદો પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ હું ઠાસરા સી.એચ.સી. ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતો હતો, તે દરમીયાન સાંજના ૪/૫૦ વાગે એક દર્દી નામે શાંતાબેન ગીરવતભાઈ પરમારનાઓ પોલીસ યાદી વગર સારવાર માટે આવેલ અને તેઓએ હીસ્ટ્રી આપેલ કે, તેઓને વજનદાર લોખંડના સળીયા-નરાશ થી તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ સાંજે ૨ થી ૩ વાગ્યાના અરસામાં માર મારેલ. મે તેઓને તપાસતાં તેઓને જમણાં પગે ઘુંટણથી નીચેના ભાગે સોજો હતો અને તેઓને એકસરે પડાવતાં ફ્રેકચર જણાય આવેલું નહી. દર્દીને થયેલ ઈજા સાદી હતી અને ૨ થી ૪ અઠવાડીયામાં રીકવર થઈ શકે. દર્દીને ઓપીડી સારવાર આપેલ. દર્દીને નરાશથી મારવામાં આવે તો તેમને પગે થયેલ તે ઈજા થઈ શકે. દર્દીને સારવાર અંગેનું મે સર્ટીફીકેટ આપેલ. જે સર્ટી આપેલ જે આંક-૧૭ થી કામમાં સામેલ રાખેલ છે. જે મને બતાવવામાં આવે છે, તે મારા હસ્તાક્ષરમાં છે. જેમાં મારી સહી છે અને સિકકો છે. જે હું ઓળખું છું. મે ઠાસરા પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ.ને ટેલીફોનીક

વર્ધી લખાવેલી, કે કાંન્તાબેન ગીરવતભાઈ પરમાર,ઉ.વ.–૩૦,રહે. ઉનાળીયા,તા. ઠસારા આજરોજ બપોરે ૨ થી ૩ ની આજુ–બાજુ ખેતરમાં તેમના ઘરે હતા,ત્યારે સામાવાળા સેજલબેન વિક્રમભાઈ પરમાર,રહે.ઉનાળીયા,તા.ઠસારાનાઓએ દર્દીને જમણાં પગમાં ઘુંટણથી નીચેના ભાગે લોખંડની નરાશ મારેલી છે, તો યોગ્ય કરવા વિનંતી. તપાસ કરનાર અમલદારે દર્દીનું સારવાર અંગેનું સર્ટી લેવા આવતાં મે તેઓને સર્ટી આપેલ.

બચાવપક્ષે આ ડૉકટર સાહેદની ઉલટ–તપાસ કરેલ છે અને જેમાં આ ડૉકટર સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, દર્દી અમારી હોસ્પીટલમાં પોલીસ યાદી વગર આવેલા. એ વાત ખરી છે કે, આ પ્રકારની ઈજા લાકડી કે કોઈ ધારદાર હથીયાર થી થયેલી નથી. એ વાત ખરી છે કે, આ ઈજા મારા અભિપ્રાય મુજબ સાદી ઈજા હતી. એ વાત ખરી છે કે, ઈજા પામનરે મને કોઈ હીસ્ટ્રી આપેલી નહી. એ વાત ખરી છે કે, મારા અભિપ્રાય મુજબ કોઈ વ્યકિત મેટલ રોડ પર પડે તો, આ પ્રકારની ઈજા થઈ શકે.

(૧૮). ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહીતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ''પુરાવાનું મુલ્યાંકન'' શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી, પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ માં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરિયાદ પક્ષ ધ્વારા પ્રસ્તુત કરવા માં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ

ચોકકસ નિયમો ઘડવામાં આવેલા નથી. કારણ કે દરેક કેસની હકીકતો પુરાવો આજુબાજુના પરીબળો તે તમામે તમામ હકીકતો ભીન્ન ભીન્ન પ્રકારના હોય છે.

પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરિયાદ પક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે વાજબી શંકા થી પર પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહી માં આરોપી જો કોઈ અપવાદો નો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમઃ–૧૦૫ મુજબ સંભવીતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

આ કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૭ થી ફરિયાદી– શાંતાબેન ગીરવતભાઈ પરમારને સોગંદ પર તપાસેલ છે. આ ફરિયાદીની સોગંદ પરની જુબાની, આંક–૦૮ વાળી ફરિયાદ તથા બચાવપક્ષે કરેલ ઉલટ–તપાસ જોવામાં આવે તો, આ ફરિયાદી ધોરણ–૭ સુધી ભણેલ છે. આ ફરિયાદીએ બનાવની ચોકકસ તારીખ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ નથી. આ ફરિયાદીએ બનાવ વર્ષ– ૨૦૨૪ના એપ્રિલ માસમાં બપોરના ત્રણ વાગ્યાના અરસામાં બનેલો. આ ફરિયાદીએ પોતાની આંક–૦૮ વાળી ફરિયાદમાં પણ બનાવ બપોરના ત્રણ વાગ્યાના

અરસામાં બનેલ હતો તે હકીકત જણાવેલી છે. બચાવપક્ષે કરેલ ઉલટ–તપાસ જોવામાં આવે તો બનાવની તારીખ અને સમય અંગે બચાવપક્ષે કોઈ સવાલ પુછેલ નથી. જેથી ફરિયાદ પક્ષ બનાવ બપોરના ત્રણ વાગ્યાની આસ–પાસ બનેલ હતો તે હકીકત પુરાવાર કરેલ છે. આ ફરિયાદીએ પોતાની સોગંદ પરની જુબાનીમાં અને આંક–૦૮ વાળી બનાવ તેમના ઘરમાં બનેલ તેમ જણાવેલ છે અને સેજલબેન નરાશ લઈને આવેલા હતા. તેમ જણાવેલ છે. બચાવપક્ષે કરેલ ઉલટ–તપાસ જોવામાં આવે તો, બચાવપક્ષે ઉપરોકત હકીકત અંગે કોઈ સવાલ પુછેલ નથી. આમ, આ કામના આરોપી–સેજલબેન નરાશ લઈને ફરિયાદીના ઘરે આવેલા હતા તે હકીકત સાબિત થાય છે. ફરિયાદીએ પોતાની સોગંદ પરની જુબાનીમાં તથા આંક–૦૮ વાળી ફરિયાદમાં આરોપી–સેજલબેને નરાશ ફરિયાદીને જમણા પગના ઢીચણથી નીચેના ભાગે મારી દીધેલ. તેવી હકીકત જણાવેલ છે. ઉપરોકત હકીકત અંગે બચાવપક્ષે કરેલ ઉલટ–તપાસ જોવામાં આવે તો,તેમાં ઉપરોકત હકીકતને નકાર કરતાં કોઈ સવાલો પુછવામાં આવેલ નથી. આમ, આ કામના આરોપી–સેજલબેને ફરિયાદીને નરાશ વડે જમણાં પગે ઢીચણના ભાગે મારેલ તે હકીકત ફરિયાદપક્ષે પુરવાર કરેલ છે. ફરિયાદીએ આ ઈજા અંગે સારવાર લીધેલ હતી. ફરિયાદપક્ષે ફરિયાદીને થયેલ ઈજા અંગે ફરિયાદીની સારવાર કરનાર ડૉ.યશ રાઠોડને આંક–૨૩ થી સોગંદ પર તપાસેલ છે અને તેઓએ પણ ફરિયાદીને થયેલ ઈજાને સમર્થન આપેલ છે. આ ફરિયાદીએ આ ડૉકટર સાહેદને બનાવની હીસ્ટ્રીમાં તા. ૦૧/૦૪/૨૦૨૩ ના રોજ આરોપી–સેજલબેન પરમારનાઓએ ભારે લોખંડની રોડ–નરાશ વડે બપોરે ૨–૩ વાગે મારેલ છે. તેમ જણાવેલ છે. આમ, ફરિયાદીને આ કામના આરોપી–સેજલબેન પરમારનાઓએ લોખંડ ની રોડ–નરાશ વડે માર મારેલ છે. તે હકીકત સાબિત થાય છે. આ ફરિયાદીએ બનાવની ફરિયાદ આપેલ હતી અને આંક–૦૮ વાળી ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ કામના આરોપી–વિક્રમભાઈ અર્જુનભાઈ પરમારનાઓ આરોપી–સેજલબેન વિક્રમભાઈ પરમારનું ઉપરાણું લઈને આવેલા અને ફરિયાદીને ગમે–તેમ ગાળો બોલવા લાગેલા અને ફરિયાદીને ગડદા–પાટુનો માર મારેલ અને બંને આરોપીઓ જતાં–જતાં જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હતી.

બચાવપક્ષે કરેલ ઉલટ-તપાસ જોવામાં આવે તો, બચાવપક્ષે ઉપરોકત હકીકત અંગે ફરિયાદીને કોઈ સવાલ પુછેલ નથી. આમ, બચાવપક્ષે ઉપરોકત હકીકતને ઉલટ-તપાસમાં પડકારેલ ન હોઈ, આ કામના આરોપી-વિક્રમભાઈ પરમારે ફરિયાદીને ગડદા-પાટુનો માર મારેલ અને બંને આરોપીઓએ ફરિયાદીને ગાળો આપેલ અને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ, તે હકીકત ફરિયાદપક્ષ સાબિત કરેલ છે.આ ફરિયાદીએ બનાવમાં આરોપી-સેજલબેને ઉપયોગમાં લીધેલ નરાશને ઓળખી બતાવેલ છે. આ કામે બચાવપક્ષે કરેલ ઉલટ-તપાસ જોવામાં આવે તો, આ ફરિયાદીના સસરા અને આરોપીઓ વચ્ચે જમીન બાબતે દાવા ચાલે છે. આ કામે આરોપીપક્ષે આ અંગે કોઈ પુરાવો રજુ કરેલ નથી. બચાવપક્ષે ફરિયાદીને દાવાના નંબર અંગે કોઈ સવાલ પુછેલ નથી. આ કામના આરોપી-સેજલબેનનું ઘર ફરિયાદીના ઘરની નજીક આવેલ છે. બચાવપક્ષે કરેલ ઉલટ-તપાસ જોવામાં આવે તો, તેનાથી પણ આ કામના ફરિયાદીએ ઈજા અંગે સારવાર લીધેલ હતી તે હકીકત સાબિત થાય છે અને બનાવની ફરિયાદ આપેલ હતી તે હકીકત પણ સાબિત થાય છે. આ ફરિયાદીની ઉલટ-તપાસ જોવામાં આવે તો, ફરિયાદીએ બનાવ કેવી રીતે બન્યો.? અને શું વાગ્યુ.? તે હકીકત ઠાસરા ખાતે દવાખાનામા ડૉકટરને જણાવેલી હતી. તે હકીકત સાબિત થાય છે. બચાવપક્ષે કરેલ ઉલટ-તપાસથી આ કામના ફરિયાદી આરોપીઓને ઓળખે છે તે હકીકતને સમર્થન મળે છે. બાકીની ઉલટ-તપાસમાં આ ફરિયાદીએ બચાવપક્ષે કરેલ સવાલોનો નકારમાં જવાબ આપેલ છે અને પોતાની સોગંદ પરની જુબાની તથા આંક-૦૮ વાળી ફરિયાદમાં જણાવેલ હકીકતને વળગી રહેલ છે અને સંપુર્ણ સમર્થન આપેલ છે. આમ, ફરિયાદપક્ષ આ ફરિયાદીના પુરવાથી આંક -૦૮ વાળી ફરિયાદ સાબિત કરવામાં સફળ રહેલ છે.

બચાવપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૦૯ થી સાહેદ-બુધાભાઈ દાદુભાઈ પરમારને સોગંદ પર તપાસેલ છે. આ સાહેદની સોગંદ પરની જુબાની તથા બચાવપક્ષે કરેલ ઉલટ-તપાસ જોવામાં આવે તો, આ ફરિયાદી આ સાહેદના દિકરા ગીરવતભાઈની પત્ની છે. આ સાહેદને બનાવની ચોકકસ તારીખ ખબર નથી પરંતુ

૨૦૨૪ ના ચોથા મહીનામાં બનેલ તેમ જણાવેલ છે. બચાવપક્ષે ઉપરોકત હકીકત અંગે તકરાર લીધેલ નથી કે ઉપરોકત હકીકત અંગે કોઈ સવાલ પણ પુછેલ નથી. આ સાહેદને બનાવની ચોકકસ તારીખ યાદ નથી. કહેવાતો બનાવ આ સાહેદના જણાવ્યા મુજબ સાંજના ચાર વાગ્યાના અરસમાં ઉનાળીયા ગામમાં આ સાહેદના ખેતરમાં બનેલો અને આ ખેતરમાં ઘર આવેલ છે, ત્યા બનેલ હતો. બનાવ સમયે આ સાહેદ ખાતુભાઈ નાથુભાઈ રાઠોડના તેરમાના પ્રસંગમાં ગયા હતા. આમ, આ સાહેદે બનાવ બનતાં નજરે જોએલ નથી. આ સાહેદ બનાવના દિવસે બપોરના ચાર–સાડા ચાર વાગ્યે ઘરે આવતાં ત્યારે બનાવની જાણ ફરિયાદી–શાંતા બેને કરેલ હતી. આ સાહેદે બનાવમાં ફરિયાદી–શાંતાબેનને જે જગ્યાએ ઈજા થયેલ હતી તે જોએલ હતી અને ત્યાંથી લોહી નિકળતું હતું અને ગઠઠો થઈ ગયેલો હતો અને ચલાતું ન હતું અને આ સાહેદ રીક્ષામાં ફરિયાદીને ઠાસરા દવાખાને લઈ ગયેલા હતા. બચાવપક્ષે ઉપરોકત હકીકત અંગે ઉલટ–તપાસમાં કોઈ સવાલો પુછેલ નથી કે કોઈ તકરાર લીધેલ નથી. આમ, આ કામના સાહેદને બનાવની જાણ ફરિયાદીએ કરેલ હતી અને આ સાહેદે ફરિયાદીની ઈજા જોએલ હતી અને પગમાંથી લોહી નિકળતું હતું અને ફરિયાદીને ચાલવામાં તકલીફ પડતી હતી અને રીક્ષામાં સરકારી દવાખાને લઈ ગયેલ હતા તે હકીકત આ સાહેદના પુરાવાથી સાબિત થાય છે. આ સાહેદના પુરવાથી ફરિયાદપક્ષના કેસની હકીકતને મહંદઅંશે સમર્થથ પ્રાપ્ત થાય છે.

ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૦ થી સાહેદ–ગીરવતભાઈ બુધાભાઈ પરમારને સોગંદ પર તપાસેલ છે. આ સાહેદ ફરિયાદી–શાંતાબેનના પતિ થાય છે અને તેઓ ધોરણ–૧૨ સુધી ભણેલ છે અને બનાવ સમયે તેઓ અમદાવાદ મુકામે એમનીલ ફાર્મસ્યુટીકલ કંપનીમાં નોકરી કરતાં હતા અને બનાવની જાણ તેમના પિતાનો ફોન આવેલ ત્યારે થયેલ હતી. આમ, આ સાહેદ બનાવ વખતે બનાવવાળી જગ્યાએ હાજર હતા નહી અને બનાવ નજરે જોએલ નથી. આ સાહેદની સોગંદ પરની જુબાની મુજબ બનાવના બિજા દિવસે તેઓ ઘરે ગયેલ હતા અને ત્યાંથી પોલીસ સ્ટેશને ગયેલા હતા. બનાવ અંગેની ફરિયાદ આ સાહેદની પત્નિ શાંતાબેને આપેલ હતી.

બચાવપક્ષે આ સાહેદની કરેલ ઉલટ–તપાસ જોવામાં આવે તો, તેમાં પણ આ સાહેદે બનાવ નજરે જોએલ નથી અને બનાવની જાણ તેમના પિતાએ કરેલ હતી તે હકીકતનો સ્વીકાર કરેલ છે. આ સાહેદના પુરાવાથી આ કામના ફરિયાદી–શાંતાબેન ને જમણાં પગામાં ઈજા થયેલ હતી અને આ ઈજા આરોપી–સેજલબેન પરમારનાઓએ કરેલ હતી તે હકીકતને મહંદઅંશે સમર્થન પ્રાપ્ત થાય છે.

ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૧ થી પંચ સાહેદ–વિનોદ ભાઈ ચીમનભાઈ રાઠોડને તથા આંક–૧૩ થી પંચ સાહેદ–રમેશભાઈ કાંન્તીભાઈ રાઠોડને સોગંદ પર તપાસેલ છે. આ પંચ સાહેદો બનાવવાળી જગ્યાના પંચનામાનાં પંચ સાહેદો છે. આ પંચ સાહેદોને ઠાસરા પોલીસે સાંજના સમયે શાંતાબેન વિનોદભાઈ પરમારના ઘર આગળ પંચમાં બોલાવેલ હતા. બચાવપક્ષે ઉપરોકત હકીકતને આ પંચ સાહેદોની ઉલટ–તપાસમાં પડકારેલ નથી. આ પંચ સાહેદોએ શાંતાબેનના ઘરે આગળ કોની કોની મીલકત આવેલ હતી તે હકીકત જણાવેલ છે અને શાંતાબેન ના ઘર આગળ આવેલ તબેલાનું પોલીસે પંચનામું કરેલ હતું. આ પંચ સાહેદોએ પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. જે પંચનામું આ કામે આંક–૧૨ થી કામમાં સામેલ રાખેલ છે. બચાવપક્ષે કરેલ ઉલટ–તપાસ જોવામાં આવે તો, પોલીસે પંચનામું કરેલ અને તેમાં આ પંચ સાહેદોએ સહી કરેલ હતી. આમ, આ પંચ સાહેદોના પુરાવાથી પોલીસે બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ અને તેમાં સહી લીધેલ હતી તે હકીકત સાબિત થાય છે. આમ, આ પંચ સાહેદોના પુરાવાથી ફરિયાદપક્ષ આંક–૧૨ વાળું બનાવવાળી જગ્યાનું પંચનામું સાબિત કરેલ છે.

ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૪ થી પંચ સાહેદ–ડાહયાભાઈ રૂમાલભાઈ રાઠોડને સોગંદ પર તપાસેલ છે. આ પંચ સાહેદ મુદ્દામાલ રીકવરીના પંચનામાનાં પંચ સાહેદ છે. આ પંચ સાહેદની સોગંદ પરની જુબાની જોવામાં આવે તો, આ પંચ સાહેદને પોલીસે ઠાસરા પોલીસ સ્ટેશને બોલાવેલ હતા અને તૈયાર પંચનામમાં સહી કરેલ હતી. આ પંચ સાહેદની હાજરીમાં પોલીસે આરોપી પાસેથી કોઈ



THE HIGH COURT OF GUJARAT

હથિયાર કબજે કરેલ હોય તેવું બનેલ નથી. આ પંચ સાહેદે આંક–૧૫ વાળા પંચનામા માં પોતાની સહી ઓળખી બતાવેલ છે. બચાવપક્ષે કરેલ ઉલટ–તપાસ જોવામાં આવે તો, તેમાં પણ આ પંચ સાહેદે તૈયાર પંચનામામાં સહી કરેલ હતી તે હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, આ પંચ સાહેદના પુરાવાથી ફરિયાદપક્ષ આંક–૧૫ વાળું મુદ્દામાલ હથિયાર રીકવરીનું પંચનામું સાબિત કરી શકેલ નથી.

ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૬ થી આ ગુન્હાની તપાસ કરનાર અમલદાર હે.કો. જીતેન્દ્ર ભીમસિંહને સોગંદ પર તપાસેલ છે. આ ત.ક.અ. નાઓએ પોતાની ફરજના ભાગરૂપે તપાસ કરેલ હતી. આ ત.ક.અ.નાઓએ પંચનામા કરેલ હતા અને સાહેદોના નિવેદનો નોંધેલ હતા અને તપાસના કામે ઈજા પામનારનું સારવારનું પ્રમાણપત્ર મેળવેલ હતું તેમજ બનાવ સમયે હથિયાર બંધીનું જાહેરનામું અમલ હોઈ તે મેળવેલ હતું અને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ના.અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ હતુ. આ કામે બચાવપક્ષે કરેલ ઉલટ–તપાસ જોવામાં આવે તો, આ ત.ક.અ.નાઓએ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ હતું અને પંચોની હાજરીમાં અને પંચોના લખાવ્યા મુજબનું પંચનામું કરેલ હતું અને આંક–૧૨ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પંચોએ પણ આંક–૧૨ વાળા ગુનાવાળી જગ્યાનાં પંચનામામાં સંપુર્ણપણે સમર્થન આપેલ છે. આ પંચ સાહેદે આરોપી–સેજલબેન પાસેથી બનાવમાં તેઓએ વાપરેલ નરાશ કબજે કરેલ હતી અને પંચોના લખાવ્યા મુજબ પંચનામું લખેલ હતું અને આંક–૧૫ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ ત.ક.અ.નાઓએ તપાસના કામે ઈજા પામનારનું સારવારાનું પ્રમાણપત્ર મેળવેલ હતું તેમજ બનાવ સમયે હથિયાબંધીનું જાહેરનામું અમલ હોય તે પણ મેળવેલ હતું. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ દાખલ કરેલ હતું. બચાવપક્ષે કરેલ ઉલટ–તપાસ જોવામાં આવે તો, બનાવ ઉનાળીયા ગામે આવેલ બીલેશ્વર મહાદેવ આગળ બનેલો હતો અને ફરિયાદીએ બનાવના ફરિયાદ બનાવ બન્યાના બીજા દિવસે આપેલ હતી તે હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, ઉપરોકત ઉલટ–તપાસથી એ હકીકત સાબિત થાય છે કે કહેવાતો

બનાવ બનેલ હતો અને બનાવની ફરિયાદ ફરિયાદીએ આપેલ હતી. આ ત.ક.અ. નાઓએ તપાસના કામે ફરિયાદીના સગા–સબંધીઓના નિવેદનો લીધેલ હતા અને બનાવવાળી જગ્યાની આજુ–બાજુમાં રહેતાં રહીશોના કોઈ નિવેદનો લીધેલ નથી. તપાસના કામે એવો કોઈ નિયમ નથી કે, બનાવવાળી જગ્યાની આજુ–બાજુના રહેતા ઈસમોના નિવેદનો નોંધવા. બચાવપક્ષે બનાવ સમયે હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હતું,તેને પડકારવામાં આવેલ નથી. આમ, ફરિયાદપક્ષ આંક–૨૦ વાળું જાહેરનામું સાબિત કરેલ છે. આ કામે ડૉકટરે ઈજા પામનાર સારવાર લેવા માટે સરકારી દવાખાને આવેલ હતા અને તેની જાણ ઠાસરા પોલીસ સ્ટશેનને ટેલીફોન થી કરેલ હતી અને તેનો ઉતારો આ કામે આંક–૧૮ થી કામમાં સામેલ છે. બચાવપક્ષે આ હકીકતને ઉલટ–તપાસમાં પડકારેલ નથી. આ કામે આ ત.ક.અ. નાઓએ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સંપુર્ણ સમર્થન આપેલ છે.

ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૧ થી પંચ સાહેદ–પ્રવિણભાઈ ફતેસિંહ રાઉલજીને સોગંદ પર તપાસેલ છે. આ પંચ સાહેદ મુદ્દામાલ રીકવરીના પંચનામાનાં પંચ સાહેદ છે. આ પંચ સાહેદની સોગંદ પરની જુબાની જોવામાં આવે તો, આ પંચ સાહેદને પોલીસે ઠાસરા પોલીસ સ્ટેશને બોલાવેલ હતા અને તૈયાર પંચનામમાં સહી કરેલ હતી. આ પંચ સાહેદની હાજરીમાં પોલીસે આરોપી પાસેથી કોઈ હથિયાર કબજે કરેલ હોય તેવું બનેલ નથી. આ પંચ સાહેદે આંક–૧૫ વાળા પંચનામા માં પોતાની સહી ઓળખી બતાવેલ છે. બચાવપક્ષે કરેલ ઉલટ–તપાસ જોવામાં આવે તો, તેમાં પણ  આ પંચ સાહેદે તૈયાર પંચનામામાં સહી કરેલ હતી તે હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, આ પંચ સાહેદના પુરાવાથી ફરિયાદપક્ષ આંક–૧૫ વાળું મુદ્દામાલ હથિયાર રીકવરીનું પંચનામું સાબિત કરી શકેલ નથી.

ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૩ થી ડૉકટર–યશ રાઠોડને સોગંદ પર તપાસેલ છે. આ ડૉકટરે ઈજા પામનાર શાંતાબેન ગીરવતભાઈ પરમારની સારવાર કરેલ હતી. આ ડૉકટર સાહેદ તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ

ઠાસરા સી.એચ.સી. ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા અને આ કામના ફરિયાદી સારવાર માટે આવેલ હતા. આ ફરિયાદીને બનાવની હીસ્ટ્રી પુછતાં આ ફરિયાદીએ જણાવેલ કે, વજનદાર લોખંડના સળીયા–નરાશથી તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ બપોરના ૨ થી ૩ વાગ્યાના અરસામાં આરોપી–સેજલબેન વિક્રમભાઈનાઓએ જમણા પગે ઘુંટણથી નીચેના ભાગે મારેલ હતું. આ ડૉકટર સાહેદના પુરાવા મુજબ ઈજા પામનારને જમણાં પગે ઘુંટણથી નીચેના ભાગે સોજો હતો અને તેઓનું એકસ–રે કરાવતાં ફ્રેકચર જણાય આવેલ ન હતું. આ ડૉકટર સાહેદે ઈજા પામનારની સારવાર કરેલ હતી અને સારવારનું પ્રમાણપત્ર આપેલ હતું અને આંક–૧૭ વાળા પ્રમાણપત્રમાં પોતાની સહી અને સિકકો ઓળખી બતાવેલ છે. બચાવપક્ષે કરેલ ઉલટ–તપાસ જોવામાં આવે તો, ઈજા પામનાર સારવાર માટે પોલીસ યાદી વગર આવેલ હતા. આમ, ઉપરોકત ઉલટ–તપાસથી ઈજા પામનાર હોસ્પીટલમાં સારવાર માટે આવેલ હતા તે હકીકત સાબિત થાય છે. દર્દીને થયેલ ઈજા લાકડી કે ધારદાર હથિયારથી થયેલ ન હતી. આ કામે ફરિયાદપક્ષનો કેસ જોવામાં આવે તો, નરાશથી ફરિયાદીને ઈજા થયેલાની હકીકત છે. ધારદાર હથિયારથી ઈજા થયેલ હતી તેવો ફરિયાદપક્ષનો કેસ નથી. આ ડૉકટર સાહેદના અભિપ્રાય મુજબ દર્દીને થયેલ ઈજા સાદી હતી. બચાવપક્ષે ઉલટ–તપાસમાં પણ ઉપરોકત હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, આ ડૉકટર સાહેદના પુરાવા મુજબ દર્દીને ઈજા થયેલ હતી અને દર્દી તે અંગેની સારવાર લેવા માટે હોસ્પીટલે આવેલ હતા અને દર્દીને થયેલ ઈજા સાદી હતી તે હકીકત ફરિયાદપક્ષ સાબિત કરેલ છે.

આ કામે ફરિયાદપક્ષ દ્વારા આરોપી નંબર–૨,વિક્રમભાઈ અર્જુનભાઈ પરમાર વિરૂધ્ધનો કેસ સાબિત કરી શકેલ નથી. ઉપરોકત રજુ થયેલ ફરિયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો, આ કામના આરોપી નંબર–૨ વિક્રમભાઈ અર્જુનભાઈ પરમારનાઓએ ઈજા પામનાર ફરિયાદી–શાંતાબેન ગીરવતભાઈ પરમારને માર મારેલ હોય કે ગંદી ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય અને હથિયાબંધીના જાહેરનામાનો

ભંગ કરેલ હોય તેમજ ગુન્હો કરવામાં આરોપી નંબર–૧,સેજલબેન વા/ઓ. વિક્રમભાઈ ને કોઈ મદદ કરેલ હોય તે ફરિયાદપક્ષ પોતાના પુરાવાથી સાબિત કરી શકેલ નથી.

(૧૯). આ તબકકે ના.અદાલત દ્વારા ના.સુપ્રિમ કોર્ટ દ્વારા **Abdul Sayeed Versus State Of Madhya Pradesh, 2010 (10) SCC 259** નો ચુકાદો ધ્યાને લીધેલ છે અને તેમાં ના. સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, **Evidence of injured witness - admissibility of - contradiction between medical and ocular evidence - held, PW 2 gave graphic description of the entire incident and also stood fully corroborated by the evidence of PW 1 and PW 4 - his presence on the spot cannot be doubted as he was injured in the incident - testimony of the injured witness accorded a special status in law and hence deposition of the injured witness should be relied upon unless there are strong grounds for rejection of his evidence - depositions so made cannot be brushed aside merely because there have been some trivial contradictions or omissions - a very large number of assailants attacked one person, thus witnesses cannot be able to state as how many injuries and in what manner the same had been caused by the accused, therefore, discrepancy in medical evidence and ocular evidence bound to occur - no interference with the impugned judgment of High Court - appeals dismissed.**

ના.અદાલત દ્વારા ના.સુપ્રિમ કોર્ટ દ્વારા **State Of Uttar Pradesh Versus Naresh, 2011 (4) SCC 324** ના ચુકાદામાં ના.સુપ્રિમ કોર્ટ દ્વારા પેરા નંબર–૨૩ માં જણાવેલ છે કે, **The evidence of an injured witness must be given due weightage being a stamped witness, thus, his presence cannot be doubted. His statement is generally considered to be very reliable and it is unlikely that he has spared the actual assailant in order to falsely implicate someone else. The testimony of an injured witness has its own relevancy and efficacy as he has sustained injuries at the time and place of occurrence and this lends support to his testimony that he was present during the occurrence. Thus, the testimony of an injured witness is accorded a special status in law. The witness would not like or want to let**

**his actual assailant go unpunished merely to implicate a third person falsely for the commission of the offence. Thus, the evidence of the injured witness should be relied upon unless there are grounds for the rejection of his evidence on the basis of major contradictions and discrepancies therein. [Vide: Jarnail Singh v. State of Punjab, (2009) 9 SCC 719; Balraje @ Trimbak V/s. State of Maharashtra, (2010) 6 SCC 673; and Abdul Sayed V/s. State of Madhya Pradesh, (2010) 10 SCC 259].**

આમ, ઉપરોકત ના.સુપ્રિમ કોર્ટમાં બંને ચુકાદાઓમાં ના.સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે ફરિયાદી કે ઈજા પામનાર સાહેદની જુબાની વિશ્વાસપાત્ર હોય ત્યારે ફકત ફરિયાદી કે ઈજા પામનાર સાહેદ એકલા ના જ પુરાવાથી જ આરોપીને સજા કરી શકાય છે. હાથ ઉપરના કેસમાં પણ ઈજા પામનાર અને ફરિયાદી એક જ છે અને ફરિયાદી જે પુરાવો આપેલ છે તે નહી માનવાને કોઈ કારણ નથી.

(૨૦). આમ, ઉપરોકત રજુ થયેલ તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરતાં તેમજ ઉપરોકત ચુકાદાનો ધ્યાન પુર્વક અભ્યાસ કરતાં ફરિયાદ પક્ષ આરોપી વિરુધ્ધ નું તહોમત કે, આ કામના આરોપીઓએ તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ કલાક–૧૫/૦૦ વાગ્યાના સુમારે મોજે ગામ–ગોળજ તાબે ઉનાળીયા સીમ, બીલેશ્વર મહાદેવ વિસ્તારમાં, તા.ઠાસરા, જી. ખેડા મુકામે આ કામના ફરિયાદી–શાંતાબેન વા/ઓ. ગીરવતભાઈ પરમાર પોતાના ઘરે હાજર હતા, તે વખતે આરોપી–સેજલબેન વા/ઓ. વિક્રમભાઈ પરમારનાઓ ગમે તેમ ગાળો બોલતાં બોલતાં હાથમાં લોખંડની નરાશ લઈ આવી ફરિયાદીને જણાવેલ કે, **તું કેમ અમારા ઘરના ઝગડા જુવે છે.?** તેમ કહી પોતાના હાથમાંની નારાશની ઝાપોટ મારતાં ફરિયાદી–શાંતાબેન વા/ઓ.ગીરવતભાઈ પરમારને જમણા પગે ઢીચણ નીચે ઈજાઓ થતાં નીચે બેસી ગયેલ અને આરોપી– સેજલબેન વા/ઓ. વિક્રમભાઈનાઓનું ઉપરાણું લઈને આરોપી–વિક્રમભાઈ અર્જુન ભાઈ નાઓ આવી ફરિયાદી–શાંતાબેન વા/ઓ. ગીરવતભાઈ પરમારને ગડદા–પાટુનો માર મારેલ અને મહે. જીલ્લા મેજી.સાહેબ, ખેડાનાઓના જાહેરનામાંનો ભંગ કરેલ અને આરોપી ઓએ ફરિયાદી–શાંતાબેન વા/ઓ. ગીરવતભાઈ પરમારને ગમે તેમ ગાળો બોલી

ફરિયાદી-સેજલબેન સાથે  સાથે ઝપા-ઝપી કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ અને તપાસ દરમ્યાન તમો આરોપીઓ પકડાઈ ગયેલ અને તેમ કરીને તમો આરોપીઓએ **ભારતીય દંડ સંહીતા-૧૮૬૦ ની કલમ-૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫** મુજબનો ગુન્હો કરેલ હોવાની હકીકત નિ:શંક પણે સાબિત કરવામાં ફરિયાદ પક્ષ સફળ રહેલ હોઈ, આ કેસના નિર્ણય અને નિકાલ માટે ઉપસ્થિત થયેલ **મુદ્દા નં.- (૧)** નો જવાબ **અશત: હકારમાં** આપી,**મુદ્દા નં.-(૨)** પરત્વે નીચે મુજબ **આખરી હુકમ** કરવામાં આવે છે.

## -: આખરી હુકમ :-

(૧). આ કામના આરોપી:-**સેજલબેન વા/ઓ. વિક્રમભાઈ અર્જુનભાઈ પરમાર, ઉ.વ.-૨૮ ચાર્જશીટ મુજબ,ધંધો-ખેતી/ઘરકામ,રહે.ઉમાળીયા, તાબે- ગોળજ, તા. ઠાસરા,જી.ખેડાનાઓને** ફોજદારી કાર્યરીતી સંહીતા-૧૯૭૩ની કલમ-૨૪૮(૨) મુજબ ભારતીય **દંડ સંહીતા-૧૮૬૦ ની કલમ-૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા જી.પી. એકટની કલમ-૧૩૫** મુજબના ગુન્હામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે.

**(૨).** આ કામના આરોપી:-**વિક્રમભાઈ અર્જુનભાઈ પરમાર,ઉ.વ.-૩૨ ચાર્જશીટ મુજબ, ધંધો -ખેતી / મજુરી, રહે. ઉમાળીયા, તાબે - ગોળજ,તા.ઠાસરા,જી.ખેડા.નાઓને** ફોજદારી કાર્યરીતી સંહીતા-૧૯૭૩ની કલમ-૨૪૮(૧) મુજબ **ભારતીય દંડ સંહીતા- ૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫** મુજબના ગુન્હામાંથી ર્નિદોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). આ કામે આરોપી:-**સેજલબેન વા/ઓ. વિક્રમભાઈ અર્જુનભાઈ પરમાર, ઉ.વ.- ૨૮ ચાર્જશીટ મુજબ,ધંધો-ખેતી/ઘરકામ,રહે.ઉમાળીયા, તાબે- ગોળજ, તા. ઠાસરા, જી.ખેડાનાઓને** સજા અંગે સાભળવા જરૂરી હોઈ સજા અંગે સાભળવા માટે રાખવાનો હુકમ કરવામાં આવે છે.

ફોજદારી કેસ નંબરઃ–૫૩૮/૨૦૨૪

હુકમ આજ રોજ તારીખઃ–૩૦મી, માહે–એપ્રિલ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

Digitally signed by
VIPULKUMAR AMRUTLAL
THAKKAR
at THASRA
on 30/04/2026 17:27:35 IST.

મું.ઠાસરા.
તારીખ :–૩૦/૦૪/૨૦૨૬.

(વિપુલ અમૃતલાલ ઠક્કર)
જ્યુડી.મેજી.ફ. ક.,ઠાસરા,
જીજે૦૧૪૫૫

सत्यमेव जयते
THE HIGH COURT
OF GUJARAT